## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મેડમ... ચકલી દિવસે ચકલીને બચાવવાની... અને મેલેરિયા દિવસે, મચ્છરને મારી નાખવાના? એવું કેમ..??

# ઘન-પ્રવાહી કચરા નિકાલ વ્યવસ્થાપન અંગે તાલિમ-વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના શેરીસા ખાતે પ્રવાહી-ઘન કચરા વ્યવસ્થાપન તેમજ મહિલાઓની આજીવિકા અંગેનો એક વર્કશોપ આગામી ૨૮ એપ્રિલથી શરૂ થશે.

ગ્રામ વિકાસ કમિશનરની કચેરી દ્વારા આ વર્કશોપમાં ખાસ તાલિમ આપવામાં આવશે. એક સપ્તાહ સુધી ચાલનારા આ વર્કશોપ તાલિમ શિબિરને લઈ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા મિશનને વધુ અસરકારક બનાવવા માટે આ શિબિર મહત્વનો પુરવાર થશે તેમજ ગ્રામ વિકાસ કમિશનરની કચેરીના સૂત્રોએ જણાવ્યુ છે.

# ડેપ્યુટી મેયર એક માસની રજા પર ઉતર્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા એક માસની રજા લઈ વિદેશ ગયા છે. ડેપ્યુટી મેયર ચાવડા એકાએક વિદેશ જતાં પાટનગરના રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય ફેલાઈ જવા પામ્યું છે.

# સરકારી પ્રેસ વર્ગ-૩ કર્મચારી એસોસીએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સ્ટેટ ગવર્મેન્ટ પ્રેસીસ કલાસ-થ્રી એમ્પ્લોઈઝ એસોસીએશનના ૨૦૧૭ના વર્ષના હોદ્દેદારો-કારોબારી સભ્યોની વરણી કરવામાં આવેલ છે.

એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા સરકારી પ્રેસ ભાવનગરમાં મળી હતી. જેમાં હોદ્દેદારો નીમાયા હતા.

પ્રમુખ તરીકે બીપીનભાઈ સી. ગજ્જર (ગાંધીનગર), ઉપપ્રમુખ ડી.ડી. જાડેજા (રાજકોટ), ઉપપ્રમુખ બી.એમ. ગાયકવાડ (વડોદરા), મહામંત્રી નીતિન પી. ભટ્ટ (ભાવનગર), મંત્રી તરીકે આર.એન. પટેલ (ગાંધીનગર), હરેશ એમ. ભટ્ટ (રાજકોટ), એસ.આર. એકાંડે (વડોદરા), એન.જે. મહેરીયા (અમદાવાદ), મનજીભાઈ એ. મકવાણા (ભાવનગર) અને કોષાધ્યક્ષ તરીકે ટીકુજી સી. ગોલ (ગાંધીનગર) નિમાયા છે.

આ ઉપરાંત ગાંધીનગર, રાજકોટ, વડોદરા, ભાવનગર, અમદાવાદની સંચાલન સમિતિઓ નિમાયેલ છે. જેમાં ગાંધીનગરની સમિતિમાં બી. વી. પરમાર, વી.ડી. સોલંકી, જી.એન. સોલંકી, એમ.એસ. વાળંદ, પી.પી. પ્રજાપતિ, રાજકોટ સંચાલન સમિતિમાં એચ.જી. કોરડીયા, મનોજ ડી. ત્રિવેદી, બી.ડી. કલોલા, બી.આર. દવે, વડોદરા સંચાલન સમિતિમાં રોહિત બી. વસાવા, અનિલ એમ. વસાવા, એ.વી. ગાયકવાડ, એચ.એમ. વસાવા, ભાવનગર સંચાલન સમિતિમાં ધીરજલાલ આર. પરમાર, એસ.એમ. પંડ્યા, ગુલીયાભાઈ એચ. વસાવા, એ.આર. કુરેશી, અમદાવાદ સંચાલન સમિતિમાં નિકુંજ બી. ગજ્જર, જી.એચ. પરમાર, નિતેષ આર. જૈનની નિમણુંક કરવામાં આવી છે.

# શહેરમાં વસતા રાજસ્થાની સમાજની ડિરેક્ટરી બનાવાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરી વિસ્તારમાં તેમજ જિલ્લામાં રહેતા રાજસ્થાનના મૂળ વતની, જેઓ અત્રે કર્મચારીઓ, અધિકારીઓ, વેપારી વર્ગ અને મજૂર વર્ગનાએ પોત-પોતાના એરિયા, સમાજ, જ્ઞાતિની વિગતવાર માહિતી, રાજસ્થાન સમાજ સેવા સમિતિ ગાંધીનગર જે સંસ્થા શૈક્ષણિક, સામાજિક અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ સમાજના હિતાર્થે કરે છે જેથી સભ્યોની યાદી નવેસરથી બનાવવાની હોઈ પોતાનું તેમજ પરિવારના સભ્યોના નામ, વેપાર, ધંધાનું સ્થળ, રહેઠાણ સરનામુ તથા મોબાઈલ નંબર સહિતની વિગત આપવા વિનંતી કરવામાં આવી છે. આ વિગતો નોંધાવવા માટે રાજસ્થાન સમાજ સેવા સમિતિ, સેક્ટર-૧૭, બ્લોક નં. ૬૭/૧, છ, જુના એમએલએ ક્વાર્ટર ખાતે સંપર્ક સાધવા જણાવાયું છે. આ કાર્યાલય સાંજના ૪ વાગેથી રાત્રીના ૮ કલાક સુધી ખુલ્લુ રાખવામાં આવે છે.

# આગામી ખરીફ સિઝનમાં ખેડૂતોને ફરજીયાત કેશલેસ સિસ્ટમથી જ ખાતર ખરીદવુ પડશે

**સરકારે પણ આ અંગેનું આયોજન કરી દીધુ છે : દરેક રાસાયણિક ખાતર વિક્રેતાને પીઓએસ મશીન સરકાર આપશે**

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારે આગામી ખરીફ ઋતુમાં તમામ સબસીડાઈઝ ખાતરનું વેચાણ કેશલેસ સિસ્ટમથી જ અમલી બનાવવાના કરેલા નિર્ણયને પગલે રાજ્ય સરકારે આ દિશામાં કવાયત હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જુન-૨૦૧૭ થી આ પ્રથા અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના કૃષિ વિભાગે આ માટે પી.ઓ.એસ. મશીનની કેટલી જરૂરિયાત ઉભી થશે તે દિશામાં કવાયતો હાથ ધરી છે. તેમજ આ બધાજ પીઓએસ મશીન રાજ્ય સરકાર દ્વારા પુરા પાડવામાં આવશે તેમ સ્પષ્ટ જણાવાયુ છે.

કૃષિ વિભાગ દ્વારા રાસાયણિક ખાતરના વિક્રેતાઓને આ મશીનના સંચાલન અને આનુસંગિક બાબતો માટે વિશેષ તાલીમ પણ જે તે કંપની દ્વારા આપવામાં આવશે તેવો નિર્ણય કરેલ છે. આ તાલિમ ૧લી મે થી જિલ્લાવાર આપવામાં આવશે તેમ કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

રાસાયણિક ખાતરોના વિક્રેતાઓએ તેમની પાસેનો ઉપલબ્ધ સ્ટોક કેટલો છે તેની વિગતો પણ ૩૧-૫-૧૭ સુધીમાં અપલોડ કરવાની રહેશે.

ખેડૂતોના આધાર સીડીંગની પણ ખાસ કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. જેથી ખાતર પરની સબસીડીનો સીધો લાભ જે તે ખેડૂતને જ મળે.

# અમદાવાદમાં ફોર વ્હીલર પણ હેલ્મેટ પહેરીને ચલાવવી પડશે...?

**અમદાવાદ ટ્રાફીક પોલીસે ગાંધીનગરના ફોર વ્હીલર માલીકને હેલ્મેટ ન પહેરવા બદલ ઘરે ઈ-મેમો મોકલતા આશ્ચર્ય...!**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે રહેતા વાહનમાલિક પોતાનું કોમર્શીયલ ફોર વ્હીલર લઈને અમદાવાદ જઈને પરત આવ્યા હતા. તેમના ઘરે હવે અમદાવાદ ટ્રાફીક પોલીસ દ્વારા ઈ-મેમો સ્પીડ પોસ્ટ કરવામાં આવ્યો છે. ફોર વ્હીલરમાં હેલ્મેટ ન પહેરવા બદલ ગુનો કરનાર આ વાહન માલિકને દંડની રકમ ભરવા ઈ-મેમો ઘરે મોકલવામાં આવતા આશ્ચર્ય સર્જાયું છે.




ગાંધીનગર શહેરના ફોર વ્હીલર માલીકને અમદાવાદ ટ્રાફીક પોલીસે હેલ્મેટ ન પહેરવા બદલ ઘરે ઈ-મેમો મોકલતા આ ઈ-મેમો હાસ્યાસ્પદ બની ગયો છે. અમદાવાદમાં ફોર વ્હીલર પણ હવે હેલ્મેટ પહેરીને ચલાવવી પડશે...? આવા પ્રશ્નો સાથે સોશ્યલ મિડીયામાં અમદાવાદ ટ્રાફીક પોલીસની ઠેકડી ઉડી રહી છે. ઘટના એવી છે કે ગાંધીનગર શહેરના સેકટર-૧૩-બી પ્લોટ નં. ૯૮૫/૧ ખાતે રહેતા લીનેશકુમાર શામળભાઈ પટેલના ઘરે તાજેતરમાં અમદાવાદ સીટી સર્વેલન્સ એન્ડ ઈન્ટેલીજન્ટ ટ્રાફીક મોનીટરીંગ સીસ્ટમ મારફતે સ્પીડ પોસ્ટમાં ઈ-મેમો આવ્યો...! તેમનું વાહન લાઈટ ગુડ્સ છોટા હાથી જેવું છે. આ ફોર વ્હીલર નં. જીજે ૧૮ એ એકસ ૭૪૧૧ના ચાલકે હેલ્મેટ ન પહેર્યું હોવાથી રૂ.૧૦૦ દંડ ભરવો પડશે તેવો ઈ-મેમો ઘરે આવ્યો છે. અમદાવાદ શાહીબાગ સીવિલના સીસીટીવી કેમેરામાંથી છોટા હાથીનો ફોટો પડેલો છે અને હેલ્મેટ ન પહેરવાનો ગુનો આચર્યો હોવાનો ઈ-મેમોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઈ-મેમોની બાબત સોશ્યલ મિડીયામાં પણ ફરતી થતા હાસ્યાસ્પદ સાબિત થઈ છે. જો કે સીટ બેલ્ટને બદલે હેલ્મેટ ન પહેર્યાનું ઓપ્શન કોમ્પ્યુટરમાં કલીક થઈ ગયું હોવાનું પ્રાથમિક તબક્કે જણાઈ આવે છે.






ગાંધીનગરના સેક્ટર-૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે સમૂહ યત્રોપવિત સંસ્કાર તથા સમૂહ લગ્નોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે અંબાજીના ચુંડદીવાળા માતાજી તરીકે સુપ્રસિદ્ધ માઈભક્ત બટુકોને તથા નવદંપતિઓને આશિર્વાદ આપવા પધાર્યા હતા. આ કાર્યક્રમમાં બ્રહ્મસમાજના અનેક અગ્રણીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.




ગુડા દ્વારા જી આઈ ડી સી થી કોલવડા સુધીના માર્ગ પર એલ ઈ ડી સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ કરવા માટે મંગળવારે ભુમિપુજન કરવામાં આવ્યુ હતુ. આ વિસ્તારમાં એલ ઈ ડી લાઈટની જળહળા માટે રૂ ૨૫ લાખના ખર્ચે લાઈટનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત કોલવડા ખાતે પણ સ્ટ્રીટલાઈટની કામગીરી માટે ૭૦ પોલ્સ નાંખવામાં આવશે. આ અન્વયે યોજાયેલા ભુમિપુજનના કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષ દવે, ધારાસભ્ય અશોક પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા, કોલવડા ગ્રામ પંચાયતના સરપંચ રમેશ પટેલ સહીત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# નબળી વેરા વસુલાત કરનાર સૌ સામે પગલાં ભરો : ડીડીઓ

**ગાંધીનગર તાલુકાની નબળી વસુલાતને મુદ્દે નારાજ ડીડીઓની કડક તાકીદ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુક્માં નબળી વેરા વસુલાતને લઈ જિલ્લા વિકાસ અધિકારીએ આજે અધિકારીઓને આ વસુલાતમાં સુધારો લાવવા માટે કડક તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે મહેસુલી વર્ષ પૂર્ણ થવામાં ૩ માસ જેટલો સમયગાળો બાકી છે ત્યારે આ વસુલાત ૫૦ ટકા ઉપર થાય તે જોવા માટે આજે કડક તાકીદ કરી છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જમીન મહેસુલ ઉપકરની વસુલાત માર્ચ અંતિત માત્ર ૩.૧૬ ટકા તો લોકલ શેષ ફંડની વસુલાત ૬.૧૭ ટકા અને શિક્ષણ ઉપકરની વસુલાત ૧૬.૩૭ ટકા જેટલી જ થવા પામી છે. આથી જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ સખ્ત નારાજગી વ્યક્ત કરી છે.

મળતી વિગતો મુજબ જિલ્લા વિકાસ અધિકારીએ નબળી કામગીરી કરનાર નબળી પંચાયત અને તલાટીઓને નોટીસ આપવા પણ જણાવ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારીની કડક સૂચનાને પગલે તંત્રએ નબળી વેરા વસુલાત કરનારાઓની યાદી તૈયાર કરવાની કામગીરી પણ હાથ પર લઈ લીધી છે.

ગાંધીનગર તાલુકામાં જ નબળી કામગીરી હોવાથી આ બાબતને જિલ્લા કક્ષાએ અતિ ગંભીરતાથી લીધી છે. જિલ્લા વિકાસ અધિકારીએ નબળી વસુલાતને લઈ કડક શબ્દોમાં તાકીદ કરી છે અને આ પ્રકારની ઉદાસીનતા કોઈપણ સંજોગોમાં સાંખી લેવાશે નહિ તેમ સ્પષ્ટ જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં "રેન બસેરા" નિર્માણ અંગે ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશની રજુઆત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં ફુટપાથ પર જીવન ગુજારતા શ્રમિક પરિવારો માટે રૈન બસેરાના નિર્માણ અંગે અનેકવાર લેખિત રજુઆત ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા કરવામાં આવી છે. એક દાયકાથી પણ વધુ સમય થવા છતા સરકાર કક્ષાએથી કોઈપણ નિર્ણય લેવામાં આવ્યો નથી. ત્યારે નગરમાં રૈન બસેરા બાંધવા માટે ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનના સભ્યો દ્વારા તાજેતરમાં રાજયના નાયબ મુખ્યમંત્રી અને શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવને રજુઆત કરવામાં આવી છે.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત, ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સંસ્થાના સભ્યો વિરચંદભાઈ, જીવણભાઈ સિંઘવ, એન.એસ.જાદવ સહિતના સભ્યોએ તા.૧૮ એપ્રિલના રોજ નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલની રૂબરૂ મુલાકાત લઈ ગાંધીનગર શહેરમાં એક દાયકાથી રૈન બસેરા બાંધવા અંગે પડતર પ્રશ્નને ઉકેલવા લેખિત રજુઆત કરી હતી. જો કે સરકાર તથા ગાંધીનગર મનપા, શહેરને સ્માર્ટસીટી તથા વડાપ્રધાનના મિશન સ્વચ્છતા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ત્યારે શહેરના ફુટપાથ તેમજ ખાલી જગ્યામાં જીવન વિતાવતા ગરીબ મજુરોને રાત્રી આશરા જેવા નિવાસ સ્થાનો બનાવવા માટે વ્યવસ્થા કરાય તેવા ઉમદા હેતુંથી નાયબ મુખ્યમંત્રી રૈન બસેરા બાંધવા માટે સે-૩ ન્યું તથા સે-૧૨ મનપાની માંગણી મુજબ જગ્યા ફાળવી આપવા રજુઆત કરી છે. ઉપરાંત શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ રૂબરૂ મળીને આવેદનપત્ર આપતા તેમણે યોગ્ય કરવા હૈયાધારણા આપી હતી.




મોબાઈલ કોલા - શહેરમાં આજકાલ શેરડીના રસ માટે મોબાઈલ કોલાની બોલબાલા વધતી જાય છે... જોકે, મોબાઈલ કોલા સામે ઘણાબધા સવાલો લોક ચર્ચામાં ઉઠે છે... સ્વચ્છતા જાળવવાનો પ્રયાસ થાય છે... પરંતુ આવા કોલા દ્વારા આર.ટી.ઓ.ના કોઈ નિયમોનું પાલન કરવામાં આવતું ન હોવાનું પણ લોકજીભે ચર્ચાઈ રહ્યું છે...

# લયબદ્ધ શ્વસન દ્વારા સ્વાસ્થ્યનો નિઃશુલ્ક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

શું તમે રોજીંદા જીવનમાં નિરાંત, આનંદ અનુભવો છો? ના. તો રોજિંદી જીંદગીમાં માત્ર ૧૨ મિનિટ 'લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય' શરૂ કરો અને મેળવો શારીરિક, માનસિક, આધ્યાતમિક સ્વાસ્થ્ય તાવરિયાજી ગૃપ દ્વારા આ માટેનો નિઃશુલ્ક કાર્યક્રમ તારીખ ૨૮ થી ૩૦ એપ્રિલ દરમિયાન સવારે ૮ થી ૯ કલાકે બલરામ મંદિર, ભોંયતળિયે (હોલમાં) સે. ૧૨ ખાતે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો લાભ લેવા નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

# બીએસએનએલ દ્વારા ઓછા કોલ દરની સ્કીમ માટે તગડો ચાર્જ બંધ કરવા માંગણી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સર્કલમાં સેવા આપતી વિવિધ જી.એસ.એમ. મોબાઈલ કંપનીઓમાં ગ્રાહકોને આકર્ષવા માટે ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. આથી બીએસએનએલ સહીત દરેક કંપનીઓ નવા જોડાતાં ગ્રાહકોને ઓછા કોલ દરની સુવિધા આપે છે. તેમજ પોતાનો જુનો નંબર ચાલુ રાખીને પોર્ટીબીલીટી કરીને બીએસએનએલમાં જોડાતાં ગ્રાહકોને પણ વિવિધ સ્કીમોનો લાભ આપવામાં આવે છે. જે આવકાર્ય છે, પરંતુ જયારે કોઈ પણ ગ્રાહક બીએસએનએલમાં ન્યુ કસ્ટમર તરીકે જોડાય છે ત્યારે શરૂના ૩ થી માસ માટે ફ્રી સ્કીમનો લાભ મળતો હોવાથી ગ્રાહકને ફાયદો થાય છે. આમ, ઓછા દરની સ્કીમ ચાલુ હોય ત્યાં સુધી ગ્રાહક રાજા તરીકે રહે છે. પરંતુ સ્કીમ પૂર્ણ થતાં જ એક સેકન્ડના બે પૈસા મુજબનો પલ્સ રેઈટ હોવાથી એક મિનિટનો કોલ દર રૂા.૧.૨૦ થાય છે. જે હાલના હરીફાઈના યુગમાં યોગ્ય જણાતું નથી.

સચિવાલયમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજ બજાવતાં અશ્વિન જાટીયાએ (આહીર યુવા ફોરમ, ગાંધીનગર) બીએસએનએલને ઇ.મેઈલ કરીને જણાવ્યું છે કે, બીએસએનએલ દ્વારા સૌથી સસ્તી સેવા આપવાનો દાવો કરવામાં આવે છે. ત્યારે આ બાબત નાના વપરાશકારો માટે નુકશાનકારક નીવડે છે. ગુજરાત સર્કલમાં જી.એસ.એમ. મોબાઈલ કંપની તરીકે સેવા આપતી વિવિધ કંપનીઓ જેવી કે, એરટેલ, વોડોફોન, આઈડીયા, રીલાયન્સ, ટાટા-ડોકોમો, ટેલિનોર દ્વારા જુના ગ્રાહકોને પણ કોલ રેટમાં ઘટાડો કરવા માટે ૨૮ દિવસ માટે રૂા.૧૮ થી ૨૦ જેટલો ચાર્જ વસુલ કરીને ૨૫ થી ૩૦ પૈસામાં મિનિટનો કોલદર લાગુ પડે છે. તેની સામે બીએસએનએલ સૌથી સસ્તી સેવાનો દાવો કરવા છતાં રૂા.૬૯ જેટલો તગડો ચાર્જ લે છે. જે નાના ગ્રાહકને મોંઘુ પડે છે. જે ધ્યાને લઈને હરીફાઈના યુગમાં નાના વપરાશકારને ફાયદો થાય તે રીતે ૧૫ થી ૨૦ રૂપિયાનો માસીક ચાર્જ લઈને બીએસએનએલના પ્રિપેઈડ ધારકોને સસ્તી સ્કીમ આપવા માંગણી છે.

આ ઉપરાંત રૂ.૩૯૫ માં ૧૨૦૦ મિનિટની સ્કીમ ૯૦ દિવસ માટે આપવામાં આવે છે. જે મધ્યમ વપરાશકારો માટે ચોક્કસ ફાયદાકારક છે. પરંતુ તેમાં એક મિનિટનો પલ્સરેઈટ ગણાતો હોવાથી ગ્રાહકને નુકશાન થાય છે. આથી આ સ્કીમમાં એક મિનિટને બદલે સેકન્ડદિઠ પલ્સરેઈટનો લાભ આપવા પણ માંગણી છે. આ સિવાય ફેમીલી એન્ડ ફ્રેન્ડ સ્કીમ હેઠળ બીએસએનએલનો કોઈ પણ એક કે બે સીલેકટેડ નંબર અગાઉની માફક દસ પૈસાના દરે કાયમી ધોરણે આપવા માંગણી કરી છે.

# ગીધની ઘટતી વસ્તી રોકવા શ્રેણીબદ્ધ પગલાઓ લેવાશે

અમદાવાદ, તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સિંહો તથા અન્ય વન્ય જીવોના સંરક્ષણ સંવર્ધન ઉપરાંત અભયારણ્ય વિસ્તારમાં દવ નિયત્રણ, માનવ વસતી અને વન્ય જીવો વચ્ચેના ધર્ષણના બનાવો, રોડ અકસ્માતમાં વન્ય જીવોના મૃત્યુ વગેરે જેવી બાબતો અટકાવવા સંબંધિત વિષય નિષ્ણાતોની ઉપસ્થિતિમાં એક દિવસના વર્કશોપનું આયોજન કરી અસરકારક પગલાં ભરવા અનુરોધ કર્યો હતો. ગાંધીનગર ખાતે સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની બારમી બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રી રૂપાણીએ ગીધની ઘટતી જતી વસતી સંદર્ભે ચિંતા દર્શાવી હતી અને જણાવ્યું હતું કે, ગીધની ઘટતી વસતીને અટકાવવા માટે અને ગીધની વસતી વધે તે માટે ચોક્કસ એકશન પ્લાન તૈયાર કરવામાં આવે. ધોરાડ પક્ષીની સંખ્યા પણ ઘટતી જાય છે. ધોરાડ પક્ષી રાજસ્થાન અને ગુજરાતમાં જોવા મળે છે ત્યારે તેના અસરકારક સંવર્ધન અને સુરક્ષિત જમીન ઉપલબ્ધ બને તે માટે રાજય સરકાર દ્વારા ધોરાડ પક્ષી અભ્યારણ્યની નજીક ૩૭૫૨ હેક્ટર ફાળવવામાં આવી છે.